ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૩-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

વ્યૂહાત્મક બે ઘોડાની સવારી કે રાજકીય મજબૂરી?

જેમ જેમ વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોની યાદીઓ બહાર પડતી જાય છે તેમ તેમ દેશમાં ચૂંટણીની મોસમનું તાપમાન વધતું જાય છે. મોદી સમગ્ર ચૂંટણીનું કેન્દ્ર બિંદુ બની ગયા છે તે કોઈ નાની સૂની ઉલબ્ધિ નથી. આજથી દોઢેક વર્ષ પૂર્વે ભાજપ સાવ એકલો અટૂલો પડી ગયેલો, અળખામણો પક્ષ લાગતો હતો. મોદી નામની સંજીવની બૂટીએ એનામાં નવી ચેતના સીંચી છે અને તમામ સર્વેક્ષણોમાં એ સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવવા લાગ્યો છે. બનાવાજોગ કે કેજરીવાલ જેવા નેતાઓ કહે છે એવું આ મીડિયાએ ફેલાવેલું મોજું હોય, પરંતુ મીડિયા એ હદે પોતાની તરફેણમાં ઉપયોગ કરવાની આવડત પણ વખાણવા લાયક તો ગણાય જ. રાહુલ ગાંધી કોંગ્રેસને હળવાશથી નહીં લેવાની વાત કરી બસોથી વધુ બેઠકો લાવી યુપીએ-૩ સરકાર બનાવવાનાં દિવાસ્વપ્ન જોઈ રહ્યા છે, પરંતુ સામે પક્ષે ચિદંબરમ જેવા મોટા નેતા ચૂંટણીજંગથી વેગળા રહેવાનો સંકલ્પ કરી ચૂક્યા છે. મનીષ તિવારી કદાચ છાતીમાં દુખાવો ઊપડ્યા પછી તબીબી સલાહ મુજબ ચૂંટણી નહીં લડવાની વાત કરતા હશે, પરંતુ આંધ્રના વિભાજનથી કોંગ્રેસને સૌથી મોટું નુકસાન થયું છે, તેની કોણ ના કહી શકશે? તેલંગાણા રાષ્ટ્ર સમિતિના વડા ચંદ્રશેખર રાવ ક્યારેક તેલંગાણાની માગણી સંતોષાતાંની સાથે પોતાના પક્ષનો કોંગ્રેસમાં વિલય કરવાની મંશા સેવતા હતા, એમને પણ કોણ જાણે એન ટાઈમે કબીરજી કાનમાં ફૂંક મારી ગયા છે, હવે તેઓ કોંગ્રેસ સાથે જોડાણ સુધ્ધાં કરવા તૈયાર નથી. 'સામના'ના લેખમાં ઉદ્ધવ ઠાકરેએ મોદીના વિજયની જ આગાહી કરી છે. રાહુલ ફૂટી ગયેલો ફુગ્ગો ફુલાવવા મથામણ કરી રહ્યા છે ને, કોંગ્રેસની ટિકિટને લેનાર નહીં હોવાના એમના તારણમાં આંશિક તથ્ય તો વરતાય જ છે. કરુણાનિધિએ મોદીનાં વખાણ કર્યા પછી એમણે પાર્ટીમાંથી તરછોડેલો એમના જયેષ્ઠ પુત્ર અળાગિરિ પણ મોદીની વાહવાહી કરવા માંડયો છે. દખ્ખણના ગઢમાં ભાજપ માટે પગપેસારો અઘરો હતો ત્યાં મોદીએ આવાં સંખ્યાબંધ છીંડા પાડીને ઍનડીએને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું છે. કરુણાનિધિની જેમ કોંગ્રેસની સાથે રહેનારા શરદ પવાર પણ મોદી સાથે અંગત સંબંધો મીઠા હોવાનો એકરાર કરે છે અને જયલલિતા તો સામે ચાલીને મોદીના રાજયરોહણમાં ઉપસ્થિત રહ્યાં હતાં તે સર્વવિદિત છે. આંધ્રના બળવાખોર યુવા નેતા જગનમોહન રેડ્ડી અને તેલુગુ દેશમના સર્વેસર્વા મોદીની લાઈનમાં છે. હિંદી પટ્ટામાં વર્ચસ ધરાવતો હિંદુત્વવાદી પક્ષ મોદીના નામે રાષ્ટ્રવ્યાપી અસર ઊભી કરી રહ્યો છે. વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીની નારાજગી છતાં મોદીને વારાણસીની બેઠક પર ઊભા રાખીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એક કાંકરે અનેક પક્ષી પાડ્યાં છે. વારાણસી એ ભગવાન વિશ્વનાથની અને લોકમાતા ગંગાની નગરી છે. ભાજપ સિફતપૂર્વક સંઘ પ્રેરિત હિંદુત્વનો છૂપો એજન્ડા આગળ ધપાવી રહ્યું છે. વારાણસીની આસપાસની ઉત્તરપ્રદેશ તથા બિહારની પચીસથી વધુ બેઠકો પર આપણે આંગણે વડાપ્રધાનપદના ઉમેદવાર હિંદુ-હીરો સામેથી ચૂંટણી લડવા પધાર્યા છે, એવો માહોલ સરજાવાની શકયતા નકારી શકાય એમ નથી. સામા પક્ષે મોદીનો સામનો કરે એવો સબળ ઉમેદવાર મૂકી એમને લીલા તોરણ પાછા કાઢવાની મથામણ શરૂ થઈ છે. જો કે વિખેરાયેલા વિપક્ષ કોઈ એક નામ પર સહમત થઈ જાય એવું કોઈ દૂરની પણ સંભાવના દેખાતી નથી. આથી મોદીની લડાઈ બહુ સરળ બની રહેશે. મુલાયમસિંહ, માયાવતી અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે વારાણસી બેઠકના મુસ્લિમ મતદારો અને દલિત મતદારો વહેંચાઈ ગયા પછી કદાચ સામે માથાસમાણું ઝાડુ લઈને અરવિંદ કેજરીવાલ ઊભા હશે તો પણ નરેન્દ્ર મોદી માટે આ બેઠક કેકવૉક જેવી બની રહેશે. પ્રશ્ન એ થાય કે તો પછી મોદીએ ગુજરાતમાંથી લડવાની શી જરૂર છે? પરંતુ મોદી એક અતિ વિચક્ષણ રાજપુરુષ છે. કોઈ કારણસર વારાણસી બેઠક સીધી ન ઊતરી અથવા અધવચ્ચે કોઈ ઉમેદવારના મૃત્યુથી ચૂંટણી મોકૂફ રહી તો પણ મોદી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા હશે! અમદાવાદ દક્ષિણપૂર્વની હરિન પાઠકવાળી બેઠક નીચે જ એમની વિધાનસભાની મણિનગરની બેઠક ઉપરાંત હિંદુત્વની પ્રયોગશાળા જેવી બાપુનગરની અને અન્ય અનુકૂળ બેઠકો આવે છે. મોદીના કટ્ટર વિરોધી ગોરધન ઝડફિયા બાપુનગર બેઠક પર અસર ધરાવતા હતા, જે હવે એમની શરણાગતિ સ્વીકારી ચૂક્યા છે. ગુજરાત પ્રદેશ અને સમગ્ર દેશ-ઉભયસર પ્રભુત્વ ધરાવતા હોવાની પ્રતીતિ કરાવવા મોદી બે બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસનાં સૌથી લોકપ્રિય નેતા ઈન્દિરા ગાંધી અને ભાજપના સૌથી મોટા નેતા અટલબિહારી વાજપેયી ઉપરાંત લાલુ યાદવ જેવા નેતાઓ અગાઉ બે બેઠકો પરથી ચૂંટણી લડતા રહ્યા છે, એથી ચૂંટણી પંચની કે કોર્ટની પણ ટકોર છતાં એથી પ્રજામત પર ઝાઝી વિપરીત અસર પડવાની શકયતા નથી.

કન્ટ્રીકિડ્સ-યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર ખાતે શ્લોક તથા કવિતાનું ગાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

કન્ટ્રીકિડ્સ પ્રિ-પ્રાયમરી સ્કૂલ ઈડર ખાતે શરૂ થયેલ વિશિષ્ઠ પ્રિ-પ્રાયમરી સ્કૂલ છે. અહી પાંચ વર્ષ સુધીના બાળકોનો કુદરતી રીતે સર્વાંગી અને સંતુલિત વિકાસ એવા પદ્ધતિસરના પ્રયત્નો થાય છે.

તાજેતરમાં નર્સરી, કેજી.૧, કેજી.૨, ના બાળકો શ્લોક તથા કવિતાનું ગાન યોજવામાં આવ્યું હતું. આ આયોજનની વિશિષ્ટતા એ હતી કે બાળકોને સંસ્કૃતમાં શબ્દોના ઉચ્ચારણને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી હતી. લયબદ્ધ કવિતાનું પઠન શીખવવામાં આવ્યું હતું.

બાળક આત્મવિશ્વાસપૂર્વક જાહેરમાં પોતાને રજૂઆત કરી શકે તેવી પ્રાયોગિક તાલીમ આપવાનો આશય બાળકોની રજૂઆત જોઈ પરિપૂર્ણ થયો હોય તેમ લાગતું હતું.

જીવન ઉપયોગી કૌશલ્યો - લાઈફ સ્કૂલ શરૂઆતના વર્ષોના મળતી આવી ૨૧ મી સદીમાં સફળ થવા ખુબજ જરૂરી છે. સંસ્કૃતના શ્લોકોનું ગાન મગજના સર્વાંગી વિકાસ તરફ દોરી જાય છે તે બાબત સંશોધનથી પુરવાર થયેલ છે. આ શ્લોકોના ગાન દ્વારા તેમના મગજનો મહત્તમ વિકાસ કરવાનો પ્રયત્ન ખરેખર પ્રસંશનીય છે. આયોજન સફળ બનાવવામાં કન્ટ્રીકિડ્સનો સંપૂર્ણ સ્ટાફ તથા યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરનો સંપૂર્ણ સહયોગ સાંપળ્યો હતો.

(તસવીર : જીતેન્દ્ર પટેલ)

સેરલિપના પાંચમા વાર્ષિકોત્સવનું આયોજન

વલ્લભવિદ્યાનગર, તા. ૧૮

ગુજરાતની વિદ્યાનગરી વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ ચારુતર વિદ્યામંડળ દ્વારા સેરલિપ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે પાંચમા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૭મી માર્ચે સેરલિપ કેમ્પસમાં બપોરે ૩ વાગે યોજાનારા આ વાર્ષિકોત્સવમાં સરદાર પટેલ વ્યાખ્યાનમાળા યોજાશે.

સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્સ ઓન લાઈફ એન્ડ વર્કર્સ ઓફ સરદાર વલ્લભાઈ પટેલ સંસ્થાનો પાંચમો વાર્ષિકોત્સવ સરદાર પટેલ અંગેની વ્યાખ્યાનમાળાને લક્ષમાં રાખીને યોજાવાનો છે. આ વ્યાખ્યાનમાળામાં ભોપાલના વિખ્યાત લોકમત સમાચાર દૈનિકના બ્યુરોચીપ શિવ અનુરાગ પતેરિયા 'સરદાર પટેલ અને ભોપાલ સ્ટેટ' વિષય પર પોતાનું વ્યક્તવ્ય રજૂ કરશે. શિવ અનુરાગ ઈતિહાસના અભ્યાસુ અને પ્રખર પત્રકાર હોવાથી આ વ્યક્તવ્યમાં તેઓ ભોપાલ સાથેના સરદારના નાતા અંગે ઈતિહાસમાં ધરબાયેલી અને ઓછી જાણીતી હોય તેવી હકીકતો પર પ્રકાશ પાડશે. આ ઉપરાંત આ વાર્ષિકોત્સવમાં ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

સેરલિપના આ પાંચમા વાર્ષિકોત્સવમાં ભૂતપુર્વ વિદ્યાર્થીઓના એલ્યુમ્ની એસોસિએશન દ્વારા પણ ખાસ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને હાઈ સિક્યુરીટી કોર્ડ અને લેમીનેશન વગર માર્કશીટ આપવાનો નિર્ણય

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને અપાનાર માર્કશીટમાં થોડો ફેરફાર કરીને હાઈ સિક્યુરીટી કોર્ડ અને લેમીનેશન વગર માર્કશીટ આપવાનો નિર્ણય કર્યો છે. બોર્ડના નિર્ણયના પગલે ધોરણ-૧૦માં ૯.૭૫ અને ધોરણ-૧૨ સાયન્સ-કોમર્સમાં ૭.૨૫ લાખ વિદ્યાર્થીઓ મળીનેકુલ ધોરણ-૧૦-૧૨ના ૧૭લાખ વિદ્યાર્થીઓનેનવારંગરૂપ સાથેચાલુવર્ષથી માર્કશીટ મળશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધોરણ-૧૦અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં કુલ ૧૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ધોરણ-૧૦ના રાજ્યભરના ધોરણ-૧૦ના ૯.૭૫ લાખ વિદ્યાર્થીઓ તથા ધોરણ-૧૨ કોમર્સ અને સાયન્સના કુલ ૭.૨૫ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. બોર્ડ દ્વારા દર વર્ષે ધોરણ-૧૦-૧૨ના લાખો વિદ્યાર્થીઓની લેવાતી પરીક્ષા બાદ વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસણી કરીને તેમણે મેળવેલા માર્કસ સાથે બોર્ડ દ્વારા માર્કશીટ આપવામાં આવે છે. બોર્ડ છેલ્લા પાંચ વર્ષથી લેમીનેશન સાથે માર્કશીટ વિદ્યાર્થીઓને આપે છે. લેમીનેશનવાળી માર્કશીટમાં હાલ સિક્યુરીટી કોડ અને બોર્ડનો સીલ મુકવામાં આવ્યો છે. આમ છતાંય ઘણા કિસ્સામાં સિક્યુરીટી કોડ હોવા છતાં પણ માર્કશીટની ડુપ્લીકેટ કરવાનો પ્રયાસ કરીને તેને એડમીશન મેળવવામાં પ્રયાસો કરવામાં આવતા હોવાની ફરીયાદો બોર્ડને મળી રહી છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને જ ચાલુ વર્ષથી એટલે કે ૨૦૧૪થી ધોરણ-૧૦ અને ૧૨ના કુલ ૧૭ લાખ વિદ્યાર્થીઓને લેમીનેશન વગરની અને હાઈસિક્યુરીટી કોડવાળી માર્કશીટ આપવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે વિદ્યાર્થીઓ માર્કશીટની લાંબી સાચવણી કરવા માંગતા હશે તેમણે હવેથી જાતે પોતાની માર્કશીટ લેમીનેશન કરાવી પડશે. સાથે સાથે લેમીનેશનનો ખર્ચો વધવા છતાં માર્કશીટની સલામતી વધી જવાથી દૂરપયોગની સંભાવના ઘટશે.

શ્રી શિવશંકર દવે લિખિત પુસ્તક 'સંત સ્મરણ'નો વિમોચન વિધિ સંપન્ન

ગાંધીનગર, તા.૧૮

સદવાંચન પરિવાર ગાંધીનગરના સંયોજક અને અગ્રણી લેખક શ્રી શિવશંકર દવે લિખિત પુસ્તક સંત સ્મરણનો વિમોચન વિધિ માદરે વતન જોટાણા ગામની શ્રી રામ સર્વ વિદ્યાલય ખાતે કેળવણી મંડળ, શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. રાજયની ધર્મ અને સંસ્કૃતિને ઉજાગર કરવામાં અગ્રેસર રહેલા સંતોની જીવન રૂપરેખા અને ભૂમિકાને રજૂ કરતા આ પુસ્તકમાં અનેક સંતો વિશે તલસ્પર્શી અભ્યાસપૂર્ણ શબ્દાંજલિ અર્પવામાં આવી છે.

આ પંથકના કેળવણીકાર અને શ્રી રામ સર્વ વિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રી અમૃતભાઈ પટેલ, પ્રિન્સિપાલશ્રી હરિભાઈ પટેલ અને અનેક મહાનુભાવોએ ગૌરવવંતા સંત સાહિત્યના વારસાને ઉજાગર કરતાં પુસ્તક બદલ લેખકને અભિનંદન પાઠવી જોટાણા ગામ પ્રત્યેની તેઓની નિષ્ઠા પૂર્વકની સેવાભાવનાને બિરદાવી હતી. વકતાઓએ આપણી આ વિરાસતનું ગૌરવ વધારવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

લેખકશ્રી શિવશંકર દવેએ પ્રતિભાવમાં જણાવ્યું હતું કે ઐતિહાસિક, શૈક્ષણિક, આર્થિક અને ધાર્મિક ક્ષેત્રમાં જોટાણા ગામે સમગ્ર વિસ્તારમાં ગૌરવપૂર્વક કાર્ય કર્યું છે. આ ગૌરવને ઉજાગર કરવું તે મારી પ્રાથમિક ફરજ છે. તેમણે આ વિદ્યાલયમાં અભ્યાસકાળના સંસ્મરણો રજૂ કરીને ગામની સેવા અને વિકાસ કાર્યોમાં પ્રયાસો કરવા જણાવ્યું હતું. લેખકશ્રી શિવશંકર દવેએ સદવાંચન પ્રવૃત્તિના ભાગરૂપે શ્રી રામ સર્વ વિદ્યાલય, જાનકી વિદ્યાલય અને જોટાણા પ્રાથમિક શાળામાં વાંચન પ્રવૃતિ માટે પુસ્તક ભેટ રૂપે આપ્યા હતા અને સદવાંચનની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારવા ગ્રામજનો તથા શિક્ષકોને વિનંતી કરી હતી. આ પ્રસંગે ગ્રામજનો, કેળવણી મંડળના સભ્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

હરિની દૃષ્ટિ...

ઉમેદવારની યાદીમાં કોઈ સિકેટ છે જ નહીં, અમારી પાર્ટી વિશાળ હૃદયની છે, જીતે એવા ઉમેદવારને ટીકીટ મળશે, ભલે અમારો વિરોધી કેમ ન હોય...!

ગુજરાતી ગઝલની વિકાસ યાત્રા પર ગાંધીનગરમાં સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૮

સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગર ગુજરાત સાહિત્ય અકાદમી અને પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર દ્વારા ગુજરાતી ગઝલની વિકાસ યાત્રા પર સેમિનાર યોજવામાં આવશે.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ના સેમિનાર હોલ ખાતે તા. ૨૧ માર્ચ શુક્રવાર સવારે ૧૦-૦૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે શ્રી ભાગ્યેશ જહા સચિવશ્રી રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ઉદઘાટક તરીકે હર્ષ બ્રહ્મભટ્ટ, જાણીતા ગઝલકાર અને અતિથિ વિશેષ તરીકે મણીભાઈ ચૌધરી, પ્રમુખ અખિલ આંજણા કેળવણી મંડળ ઉપસ્થિત રહેશે.

સેમિનારમાં ત્રણ બેઠક યોજવામાં આવશે, પ્રથમ બેઠક સવારે ૧૧-૦૦ કલાકે ગુજરાતી ગઝલની વિકાસ યાત્રા વિષય પર રાજેશ વ્યાસ 'મિસ્કિન' અને રાજેન્દ્ર શુકલ દ્વારા ગઝલનું અંતસ્તત્વ વિષય પર યોજાશે. બીજી બેઠક બપોરે ૩-૦૦ કલાકે ગઝલ સ્વરૂપ અને આકૃતિ વિષય પર રશીદમીર વડોદરા દ્વારા યોજાશે.

સેમિનારની ત્રીજી બેઠક ગઝલયાન બપોરે ૪.૩૦ કલાકે યોજાશે. જેમાં રાજેશ વ્યાસ, રાજેન્દ્ર શુકલ, રશીદ મીર, હર્ષદ ત્રિવદી, હર્ષ બ્રહ્મભટ્ટ, કૃષ્ણ દવે, અનિલ ચાવડા અને કિશોર જીકાદરા દ્વારા રજૂ કરવામાં આવશે. સેમિનારમાં સંસ્કૃતિ સંસ્થા પ્રમુખ રમેશ પટેલ, કોલેજ આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરી અને સાહિત્ય અકાદમીના હર્ષદ ત્રિવેદી ઉપસ્થિત રહેશે.

ડૉ. આંબેડકર જન્મ જયંતિ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજાશે

સમિતિની બેઠક ૨૩ માર્ચે યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ભારત રત્ન ડૉ. આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતિની ઉજવણી આંબેડકર જન્મ જયંતિ સમિતિ ગાંધીનગર દ્વારા તા. ૧૪ એપ્રિલે ઉજવવામાં આવશે. જેમાં દલિત સમાજની સંસ્થાઓનો સહયોગ મેળવવા તા. ૨૩ માર્ચ રવિવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે એક બેઠક મળશે.

૧૪મી એપ્રિલ એટલે ડૉ. બાબા સાહેબની જન્મ જયંતિ ૧૨૩મી જન્મ જયંતિ ડૉ. આંબેડકર જયંતિ સમિતિ દ્વારા ભવ્યાતિભવ્ય રીતે મનાવવામાં આવનાર છે. સમિતિ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ડૉ. આંબેડકર વિશેની માહિતીથી જાગ્રત થાય તે હેતુથી તા.૧૪ ઓપ્રિલે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે.

ડૉ. આંબેડકર વિષય પર સ્પર્ધા યોજવામાં આવશે. સ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવશે. જેમાં વિભાગ-૧માં ધોરણ-૧ થી ૫ના વિદ્યાર્થીઓ અને વિભાગ-૨માં ધોરણ-૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિભાગ-૧ના વિજેતા વિદ્યાર્થીઓને રૂ. ૩૫૧, રૂ. ૨૫૧, રૂ. ૧૫૧ અનુક્રમે રોકડ ઈનામ આપવામાં આવશે. જયારે વિભાગ-૨ના વિજેતા વિદ્યાર્થીઓને રૂ. ૫૦૧, રૂ. ૩૫૧ અને રૂ. ૨૫૧ ઈનામ આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, અભ્યાસની વિગત સાથે ફોર્મ તા. ૫ એપ્રિલ સુધીમાં પ્રમુખ પી.બી. શ્રીમાળી, સહકાર કોલોની, સે-૨૫ ગાંધીનગર ખાતે મોકલી આપવી તેમ મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે જણાવ્યું છે.

જુ.સિ.કા.ને ચક્ષુદાન મળ્યુ

ગાંધીનગર, તા.૧૮

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સમૌ તા.માણસા ખાતે વસતા પ્રભુદાસ નાથાભાઈ ચૌધરીનું અવસાન થતા તેમના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. જેમાં ડૉ. કે.એમ. ચિતાણીયા અને જુ.સિ.કા.ના દિલીપ દંતાણી અને દિનેશ દવેએ સેવા પુરી પાડી હતી.

'આર્ટ લવર્સ'ની હોળીમાં ગુજરાતી ચલચિત્રોનાં સદાબહાર ગીતો સાથે ઉડ્યાં રંગબિરંગી કલર્સ...

ફાગણની પૂનમ એટલે હોળી અને બીજાં દિવસે રંગોનો તહેવાર ધૂળેટી. 'ગોલી આઈ રે કન્હાઈ રંગ બરસે ગુલાલ' જેવાં ગોળીનાં રંગીન ગીતો ગૂંજતા થઈ જાય અને તન-બદનમાં રંગોની છોળો ઉડવાં લાગે, મજાક-મશ્કરી-ખાણી-પીણી -મીઠી છેડખાની સાથે રંગોનો તહેવાર સૌને સ્પર્શે એવો લોભામણો છે.. ગાંધીનગરમાં આર્ટને સમજીને એનાં લવર્સ માટે નિત-નવીન કાર્યક્રમ યોજાતી સંસ્થા એટલે 'આર્ટ લવર્સ' અને આર્ટ લવર્સની હોળીની ઉજવણી એટલે રાજકપૂરના આર.કે. સ્ટુડિયોની યાદ અપાવે એવી અર્થાત્ ત્યાં ગમ્મત-ગુલાલ સાથે રંગોની છોળો ઉડે જ્યારે અહીં હોળીએ ગીત-સંગીત સાથેનો જલ્સો ગોઠવાય...

કાનુડાની મટકીમાંથી ઢોળાતા રંગોની વિવિધ ઢગલીઓ સાથેનું

'રંગોત્સવ'.....હોળીની સંધ્યાએ ધૂળેટીને આવકારવાં રંગોના ઉંબરા પર ઉભા રહી રજૂ કરાયેલાં ગુજરાતી ચલચિત્રોનાં ચિત્રહારમાં 'પૂનમની રાત ઉગી પૂનમની રાત...' જેવાં સુમધુર ગીતો સાથે કાનમાં રેડાઈ ગુજરાતી સંગીતની ગંગોત્રી : આપત્તિનું અવસરમાં અને આંસુનું અત્તરમાં રૂપાંતર કરતાં ગરવા ગુજરાતીઓનું ગુણગાન ગવાયું

રંગોત્સવનું બેનર અને શણગાર એટલે અરધી રંગીની તો ત્યાંથી જ આવી જાય. સતત ૧૪માં વર્ષે યોજાયેલાં હોળીનાં કાર્યક્રમમાં આચાર સંહિતાનાં સોગંધ ખવરાવી હાથમાં સાથે નિમેષ રાવલે સૌને ઉમળકાભેર આવકાર્યા. 'આર્ટ લવર્સ'ના પ્રમુખ અને કલાના ઉપાસક ગનીભાઈ વડીયાએ એમની બાવન પત્તાના કેટ જેવી ટીમનાં વખાણ કર્યા. એમનાં જમણા અને ડાબા હાથ જેવાં નિલય દેસાઈ અને દર્શન દવે ને પોંખી ટીમનાં દરેક સભ્યોને એમની જગ્યાએ ઉભા કરી સન્માનિત કર્યા...

'હોળી આવી રે ઘેરૈયા હોળી આવી રે..' ગીતથી હોળીનો માહોલ જમાવતાં પહેલાં પ્રભુ ચરણે 'યા કુન્દેન્દુ તુષારહાર ધવલા' અને 'આંગીકમ વાચીકમ'ની પ્રભુ ભક્તિ કલાકારોએ કરી લીધી.. 'લાંબો ડગલો, મૂછો પાતળી, છેલ છબીલો ગુજરાતી..' મહેંદી તે વાવી માંડવે ને એનો રંગ ગયો ગુજરાત રે, મહેંદી રંગ લાગ્યો રે..., ઊંચી તળાવડીને ઓર પાણી ગ્યાં તા પાણી ભરતા રે જોયો સાહયબો..., હે તને જોતાં જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું..., હે તારી વાંકી રે પાઘલડીનું ફુમતું રે મને ગમતું રે આતો કહું છું રે, પાતળીયા તને અમથું.., હું અમદાવાદનો રિક્ષાવાળો ૯૯૯ નંબર વાળો, અમદાવાદ બતાવું ચાલો..., લઈ જાને મને તારાં મલકમાં માણીગર..., હું...તુ..તુ..તુ.. જામી રમતની ઋતુ..., જીવ અને શિવની ભક્તિ જામી, અવિનાશી અવિનાશી જેવાં સદાય ગણગણતાં રહીએ એવાં રંગીન ગીતોનો થાળ ઉતારી ગુજરાતી ગીતોનો ગુલાલ ઉડાવ્યો...

ઉઘડતે પડદે
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ જાળવવાનાં અભિયાનને વરેલા યુવા કવિ અંકિત ત્રિવેદીએ કૉફી વિથ કરનની જેમી છાશ વિથ છગન જેવી હળવી વાતો સાથે આવતીકાલે ધૂળેટી છે અને આપણે રંગોના ઉંબરા પર ઉભા રહી એને આવકારવાની છે. ધૂળેટી એટલે ધૂળમાં મળી જવાનો યાદની વાત, અંતે તો સૌએ ધૂળમાં મળવાનું જ છે એવું દર વર્ષે ધૂળેટી યાદ કરાવે છે એવી વાત સાથે અને બધાં મને ઓળખે પણ કોઈ મને ઓળખીના જાય ની માર્મીક ટકોરથી ગુજરાતી ચલચિત્રોના વિવિધ રંગોની રજૂઆતનો દોર સંભાળ્યો. જૂની રંગભૂમિના ગીતો પૈકી અતિ પ્રસિદ્ધ એવું 'ઝટ જાઓ ચંદન હાર લાવો ઘૂંઘટ નહીં ખોલું હો..' સરસ રહ્યું...

સ્ત્રી અને મહિલાઓની કેટલીક વિશિષ્ટ વાતો અને હળવી વાતોથી સ્ત્રીની વાતો હસી કાઢવામાં જ મજા છે અને સ્ત્રીના અનેક રૂપો સાથે પતીનાં ટિફિનમાં સફળતા અને બાળકોના લંચબોક્ષમાં સપનાં એક સ્ત્રી જ મૂકી આપે છે. સાથે 'ગુણ સુંદરી' ફિલ્મનું 'તારી મહેરબાની નથી, તોય કદરદાની નથી, સુવાસ એની મિટ્ટી કોઈથી અજાણી નથી.. 'અને 'તમે થોડાં થોડાં થાવ વરણાગી હો ભાભી તમે...,' 'મારી વેણીમાં ચાર ચાર ફુગીલ, અંબોડલે ઝૂલે સોહામણી ઝૂલ..' બધી જ રચનાઓ માણવાં જેવી બની રહી..

'બહુરૂપી' ફિલ્મની વાતો વાગોળતા દિલીપ ધોળકીયા, અજીત મર્ચંટ અવિનાશ વ્યાસ અને જગજિતસિંગના ગાયેલા ગીત સાથે ભક્તિરસની રજૂઆત થઈ. 'લાગી રામ ભજનની લગની લાગી..', 'ધરમ કરમનાં જોયાં બળદિયાં, ધીરજની લગામ તાણું કાંઈના જાણું, હરિ મારું ગાડું કયાં લઈ જાય.. ધૂણી રે ધખાવી બેલી અમે તારાં નામની..., ભક્તિમય રજૂઆત જાણે ભકત પ્રહલાદને યાદ કરવાં જ કરી હોય એમ લાગ્યું.

'મણિયારો' ફિલ્મ સાથે જ સ્થપાયેલાં કિર્તિમાનમાં રીટા ભાદુરીની પ્રથમ ફિલ્મ, ગૌરાંગ વ્યાસનું સંગીત, કિશોરકુમારનું પ્રથમ ગુજરાતી ગીત અને પ્રફુલ્લ દવે જેવાં ગાયક ઉદય જેવી માહિતીપ્રદ વાત સાથે મણિયારો તે હાલુ હાલુ થઈ રીયો ને..., છેલ મૂંઝો પરદેશી મણિયારો..' ગીત જમાવટ કરી ગયું તો એનાં અંતિમ ચરણમાં લલકારેયેલો દોહો 'રિદ્ધિ દે, સિદ્ધિ દે.. સાથે તાળીઓનો ગડગડાટ મેળવી ગયું..

ગરવાં ગુજરાતીઓની અનેક લાક્ષણિકતામાં 'આપત્તિનું અવસરમાં અને આંસુઓનું અત્તરમાં રૂપાંતર કરવાની વાત જોરદાર રહી, ગુજરાતી મર્દોને બહાર ફાવતું નથી ને ઘરે જામતું નથી અને રિક્ષા પાછળનું વાકય, 'ના પિયર ના સાસરે, હનુમાનજીના આશરે' જેવી હળવી વાણીથી 'નસીબ બલિહારી'માં રમેશ મહેતાએ લખેલાં ગીતની વાત અને રજૂઆત 'સાવરીયો રે મારો સાંવરિયો, હું તો ખૂબો માંગુને દઈ દે દરિયો..' અગરબત્તીની ધુર્મશેરો ઉડે અને એનો નકશો નથી બનતો પણ ન કશા વગર વાતાવરણમાં ભળી જાય છે એમજ આ ગીત શ્રોતાઓની કાનની ગંગોત્રીમાં ભરાઈ ગયું.

'મોટા ઘરની વહુ' ફિલ્મનું અસરાની પર ફિલ્મનું અસરાની પર ફિલ્માવેલું વાનગી અને દિવાનગીનું ટનાટન ગીત, 'ઓરી આવે તો તને વાત કહું ખાનગી તું ગરમ મસાલેદાર ખાટી મિઠ્ઠી વાનગી..' ધૂળેટીના પર્વે મજેદાર બની રહ્યું... ગુજરાતની આગવી ઓળખ સમાન ગરબાની પછી તો એક સુંદર મેડલી રજૂ થઈ. સાથિયા પુરાવો દ્વારે દિવડાં પ્રગટાનો આજ. આજ મારે આંગણે પધારશેમાં પાવાવાળી જય અંબે..', તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી જાય રે પૂનમની રાત ઉગી પૂનમની રાત..', 'ગરબે ઘૂમો ગોરી રૂમો ઝૂમો..', મોર બની થનગાટ કરે..' એકબાદ એક ગરબાની રમઝટ જામતી જાય અને ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવાય...

ગુજરાતની લતા એટલે દિવાળીબેન ભીલનું ગીત 'હું તો કાગળીયા લખી લખી થાકી, કાનુડા તારાં મનમાં નથી..' મહ